**–:: ગળતેશ્વરનાં મહે.પ્રિન્સી.સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સેવાલીયા. ::–**

**રે.દિ.કેસ નં. ૧૨/૨૦૧૯**

**વાદી :–** પટેલ કિશોરભાઈ છોટાભાઈ, ઉ.વ.૮૦,ધંધો–નિવૃત.
રહે.ખડકી, મુ. માલવણ ગામ, તા.ગળતેશ્વર, જી.ખેડા.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી :–** (૧) પટેલ જીતેન્દ્રભાઈ કિશોરભાઈ, ઉ.વ.આ.૫૪, ધંધો–તમાકુની દલાલી,
(૨) પટેલ દશરથભાઈ કિશોરભાઈ, ઉ.વ.આ.૫૨, ધંધો–ખેતી,
બન્ને રહે. માલવણ, તા.ગળતેશ્વર, જી.ખેડા.

**–:: આંક–૫ ની અરજી લગત હુકમ ::–**

(૧) અરજી વંચાણે લીધી. પ્રતિવાદીઓ દવારા વાદીની આંક–૫ ની અરજી સામે રજુ કરવામાં આવેલ વાંધા–જવાબ વંચાણે લીધો. રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા પક્ષકારોની દલીલો ધ્યાને લીધી.

(૨) હાલની આંક–૫ની અરજીની હકીકતો જોવામાં આવે તો, વાદી તેમની પત્ની શારદાબેન તથા પ્રતિવાદી નં. ૨ નાના દીકરા સાથે રહે છે. વાદીની મોજે–માલવણ તથા મોજે–પાલી, તા. ગળતેશ્વરની ખેતીની જમીનો તથા માલવણ મધ્યે રહેણાંક મીલ્કતો આવેલી છે. પ્રતિવાદી નં. ૧ વાદીનો મોટો દિકરો છે. છેલ્લા ૨૫ વર્ષથી એટલેકે પ્રતિવાદી નં. ૨ નું તા.૧૬/૦૫/૧૯૯૩ ના રોજ લગ્ન થયું તે અગાઉથી જુદો રહે છે અને તમાકુની દલાલી ટીમ્બાના મુવાડાના વેપારીઓની કરે છે અને વાદીની મીલ્કતો ઉપર દાનત બગાડી છે. પ્રતિવાદી નં. ૧ ની બદદાનત વાદીની તથા વાદીના મોટા ભાઈ સ્વ. વિઠલભાઈ છોટાભાઈ અને સ્વ. કમલાબેન વિઠલભાઈની પ્રતિવાદી નં. ૨ ને પ્રાપ્ત થયેલી સ્થાવર તથા જંગમ મીલ્કતો ઉપર બગડતા અનેક વિવાદો ઉપસ્થિત થયેલા

અને પ્રતિવાદી નં. ૨ નાના દીકરાને પ્રતિવાદી નં. ૧ નાએ પાયમાલ કરવાના તથા બરબાદ કરવાના પ્રયત્નો કરવાથી વાદી તથા પત્ની શારદાબેનને પ્રતિવાદી નં. ૨ અને તેના પત્ની ચેતનાબેન આજીવન સેવા ચાકરી દવા સારવાર કરાવતા હોય કુદરતી પ્રેમ અને લાગણી વશ પ્રતિવાદી નં. ૨ નો સાચા પક્ષ લેવાથી પ્રતિવાદી નં. ૧ ઉશ્કેરાયલા અને મહેસુલી કોર્ટમાં પોતાની ધંધાકીય વગ વાપરી રૂપિયાના જોરે પ્રતિવાદી નં. ૨ ના હકકોને નુકશાન કરવાના પ્રયત્નો શરૂ કરેલા. પ્રતિવાદી નં. ૧ ની દાનત વાદીની ખાતા નં. ૧૭૬, બ્લોક નં. ૫૦૧/૧ પૈકીવાળી ક્ષે. ૨–૪૦–૮૦ (આશરે દશ વીઘા) આકાર રૂા.૧૪.૫૬ પૈસા વાળી જમીન ઉપર બગડેલી અને તા.૧૭/૦૬/૨૦૧૭ ના રોજ વાદીની સહી કરાવી લઈ તા.૧૦/૦૭/૨૦૧૭ ના રોજ રજીસ્ટ્રાર કચેરી ગળતેશ્વર લઈ જઈ તૈયાર દસ્તાવેજોમાં સહીઓ અંગુઠા કરાવી લીધેલા. વાદી વૃધ્ધ તેમજ અજાણ અને અજ્ઞાન છે તેનો ગેરલાભ લીધાની તથા પ્રતિવાદી નં. ૧ ની બનાવટોની જાણ થતા વાદી પ્રતિવાદી નં.૧ ને ઠપકો કરતા પ્રતિવાદી નં. ૧ વાદી તથા તેમની પત્ની શારદાબેનને ભુખે મારવાની તેમજ હાથ કાંડા કાપી લીધા છે વધારે માથાકુટ કરે તો કાંટો કઢાવી નાખવાની ધમકીઓ આપતા. વાદીની મીલ્કતો વાદીના મોટાભાઈ ગુજરનાર વિઠલભાઈ છોટાભાઈની મીલ્કતો ઉપર પ્રતિવાદી નં. ૧ નાએ દાનત બગાડી હોય પ્રતિવાદી નં. ૧ નાએ ખાતા નં. ૧૭૬ વાળી કિંમતી જમીનમાં પગ પેસારો કરવાના પ્રયત્નો કરવાથી વાદી સાથે પ્રતિવાદી નં ૧ ને તથા તેના દીકરાઓને અણબનાવ થવાથી વાદી તથા તેમના પત્ની શારદાબેનને પ્રતિવાદી નં. ૧ નાએ તરછોડી દીધેલા અને વાદી તથા તેમની પત્નીનું જીવન ટકાવવા ગળતેશ્વરની નામદાર ફોજદારી અદાલતમાં નં. ૧૫૬/૧૮ થી અરજી દાખલ કરેલી છે. પ્રતિવાદી નં. ૧ રેવન્યુ રેકર્ડમાં રૂપિયાના જોરે ફાવતા ફેરફારો દાખલ કરાવવા પ્રયત્નો કરવાથી મહેરબાન આસી. કલેકટરશ્રી ઠાસરાના એકતરફી ઠરાવો અપીલ નં. ૨૨/૧૮, ૨૪/૧૮, ૨૫/૧૮ સામે મહેરબાન જીલ્લા કલેકટર ખેડા નડીયાદની કોર્ટમાં અપીલો દાખલ કરવા વાદગ્રસ્ત હકક કમી દસ્તાવેજ નં. ૨૫૮/૧૭ રદબાતલ ગેરકાયદેસર બીન અમલી ઠરાવવા સદર દાવો દાખલ કરવાની જરૂર પડી છે તેમ જણાવી મોજે પાલીની સર્વે નં. ૫૦૧/૧ પૈકીની ખાતા નંબર–૧૭૬ વાળી દાવાવાળી દાવા અરજીના પેરા–૨ માં જણાવેલી જમીનનો પ્રતિવાદી નં. ૧ નાએ ઉપજાવી કાઢેલ હક કમી લેખ નં. ૨૫૮/૧૭ કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધનો હોવાથી વાદગ્રસ્ત કમી

લેખનો આધાર લઈ વાદીના હકો વિરૂધ્ધ પ્રતિવાદી નં. ૧ કોઈ પણ પ્રકારનો હકક ફેરફાર કરે કરાવે નહી વાદીના હકો વિરૂધ્ધ ઉપયોગ કરે કરાવે નહી. વાદગ્રસ્ત હક કમી દસ્તાવેજ આધારે કોઈ પણ પ્રકારનો બોજો તારણ લે લેવડાવે નહી દાવાવાળી જમીનમાં વાદીના હકકો વિરૂધ્ધ વીજ જોડાણ લે લેવડાવે નહી તેમજ વાદીની દાવાવાળી જમીનમાં પ્રતિવાદી નં. ૧ કે તેમના માણસો, નોકરો, ચાકરો, એજન્ટ ગેરકાયદેસર પ્રવેશ કરે, કરાવે નહી તેવો વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીઓને ધોરણસર નોટીસ બજી જતા, પ્રતિવાદી નં. ૧ તથા ૨ નાં એ તેમના વકિલશ્રીઓ મારફતે હાજર થઈ આંક–૧૫ તથા ૧૧ થી દાવા અરજી તથા મનાઈ અરજી સામે લેખીત વાંધા–જવાબો રજુ કરેલ છે. પ્રતિવાદી નં. ૧ નાએ વાદીની હકીકતોનો મહદ અંશે ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદીની દાવા તથા મનાઈ અરજીમાં જણાવેલ બીનાઓ ખોટી હોય તેમજ અરજીને પ્રોપર પક્ષકારનો બાધ આવતો હોય તેમજ કુદરતી ન્યાયના સિંધ્ધાંતો વિરૂધ્ધ હોય તથા વાદીએ તેની દાવા તથા મનાઈ અરજીમાં પ્રતિવાદીઓની વિરૂધ્ધ કરેલ આક્ષેપો ખરા ન હોય તેમજ વાદીનો દાવો મેન્ટેનેબલ ન હોય તેમજ વાદીના દાવાને ડીલે–લેચીસ તથા એકવીનીયન્સના સિંધ્ધાતોનો બાધ છે. તેમજ વાદીના દાવા તથા મનાઈ અરજીમાં યોગ્ય પક્ષકારો જોડેલા ન હોય તેમજ શુધ્ધ બુધ્ધીનો અભાવ હોઈ જેથી પણ વાદીનો દાવો અને મનાઈ અરજી રદ થવાને પાત્ર છે. વધુમાં પ્રતિવાદી નં. ૧ જણાવે છે કે, મોજે ગામ પાલી, ખાતા નં. ૧૭૬, બ્લોકનં. ૫૦૧/૧ પૈકી વાળી ક્ષે. ૨–૪૦–૮૦ વાળી જમીન મુળથી પ્રતિવાદી નં. ૧ ના દાદા તથા વાદીના પિતા ગુજરનાર ડાહયાભાઈ લલ્લુભાઈની આવેલ અને તેઓના અવસાન બાદ સદર જમીન વારસાઈ હકકે ફેરફાર નોંધ નં. ૭૯૫૬(વારસાઈ નોંધ) થી (૧)જીવીબેન છોટાભાઈની વિધવા, (૨) વિઠલભાઈ છોટાભાઈ, (૩) કિશોરભાઈ છોટાભાઈ, (૪) ઈચ્છાભાઈ છોટાભાઈ,(૫) મધુબેન છોટાભાઈ ના નામે ચાલતી આવેલ. ત્યારબાદ સદર જમીનમાંથી ફેરફાર નોંધ નં. ૭૯૭૭ (હક કમી નોંધ) થી જીવીબેન છોટાભાઈની વિધવાનું અવસાન થવાના કારણે તથા (૧) વિઠલભાઈ છોટાભાઈ, (૨) ઈચ્છાભાઈ છોટાભાઈ તથા (૩) મધુબેન છોટાભાઈ એ તેઓનું જમીન ઉપર રહેલ હકક ઉઠાવી લેતા તેઓનું નામ કમી થયેલ

અને તે પછી સદર જમીન કિશોરભાઈ છોટાભાઈ વાદીના એકલાના નામે ચાલતી આવેલી. પ્રતિવાદી નં. ૧ અને ૨ વાદીના દીકરા થતા હોય વાદી અને પ્રતિવાદીઓ વચ્ચેના સબંધો સારા ચાલતા હતા. તે અરસામાં વાદી પોતે અને પોતાની મન મરજી અને ઈચ્છાથી સૌ પ્રથમ વખતે ફેરફાર નોંધ નં. ૭૯૧૧ (હયાતીમાં હક દાખલનો નોંધ) ના આધારે વાદીએ સદર જમીનમાં તેઓની હયાતી દરમ્યાન પ્રતિવાદી નં. ૧ જીતેન્દ્રભાઈ તથા પ્રતિવાદી નં. ૨ દશરથભાઈ નું નામ સદર મીલ્કતમાં દાખલ કરવા તથા પોતાનું નામ કમી કરવા સર્કલ ઓફીસર ઠાસરાનાઓની સમક્ષ પ્રોસીજર કરેલ પરંતુ પ્રોસીજર ૧૩૫ ડી ની નોટીસ બજેલ ન હોવાને કારણે રદ કરવામાં આવેલ. તેમજ વાદી પોતે પોતાની મન–મરજી અને ઈચ્છા ફેરફાર નોં ધ નં. ૭૯૭૮ (સહભાગીદાર હક દાખલની નોંધ) ના આધારે વાદીએ સદર જમીનમાં તેઓની હયાતી દરમ્યાન પ્રતિવાદી નં. ૧ જીતેન્દ્રભાઈ તથા પ્રતિવાદી નં. ૨ દશરથભાઈ નું નામ સદર મીલ્કતમાં દાખલ કરવા સર્કલ ઓફીસર ઠાસરાનાઓની સમક્ષ પ્રોસીજર કરેલ. તે નોંધ મંજુર થયેથી સદર જમીનમાં વાદી સાથે પ્રતિવાદીઓના સહભાગીદાર તરીકે નામ દાખલ થયેલા છે. જેથી વાદી જણાવતા હોય કે તકરારી જમીન વાદીની એકલાની માલીકીની આવેલ છે તો તે હકીકત રેકડીત પુરાવાના આધારે ખોટી જણાય આવે છે. પ્રતિવાદી નં. ૧ તથા ૨ વાદીના દીકરા થતા હોય વાદી પોતાની મન મરજી અને ઈચ્છાથી સદર જમીનમાંથી પોતાનો હકક જતો કરવા યાને કે હક ઉઠાવી લેવા માગતા હતા અને તે સબંધી વાદીએ અગાઉ ફેરફાર નોંધ નં. ૭૯૧૧ કાર્યવાહી કરેલ તે નોંધ રદ થયેલ જેથી વાદી એ સદર જમીનમાંથી પોતાનું હકક પ્રતિ વાદી નં. ૧ તથા ૨ ની તરફેણમાં જતો કરવા માંગતા હોય તે સબબ વાદીએ તા.૧૭/૦૬/૨૦૧૭ ના રોજ સબ રજીસ્ટ્રારકચેરી ગળતેશ્વર ખાતે જાતે પોતે હાજર થઈ સબ રજીસ્ટ્રારશ્રી એસ.વી.પરમાર તથા  લેખમાં સહી કરનાર સાક્ષીઓની રૂબરૂમાં બીન અવેજી તકરારી હક કમી લેખ રીલીઝ યાને સંયુકત મજીયારી મીલ્કતમાંથી હકક ઉઠાવ્યાનો લેખ રજી. નં.૨૫૮/૨૦૧ ૭ થી કરી આપેલ છે. જે લેખ કબુલ રાખ્યા બદલ તે લેખમાં વાદીએ તથા પ્રતિવાદી નં. ૧ તથા ૨ નાઓએ સાક્ષીઓ તથા રજીસ્ટ્રાર રૂબરૂ સહી મત્તું કરેલા છે. આ લેખમાં બંને પક્ષકારોના ફોટા આવેલા છે. સદર  લેખ લેટેસ્ટ કોમ્પ્યટર સીસ્ટમ તથા વિડીયો ગ્રાફી સીસ્ટમથી રેકડીંગ કરી રજીસ્ટ્રેશનના નોંધણી અધિનિયમ–૧૯૦૮ની કલમ–૩૪ ની પેટા કલમ–૩ મુજબના ચેકલીસ્ટ

મુજબના રજીસ્ટ્રારશ્રી એ વાદી (લેખ કરનાર) ને પ્રશ્નો પુછી તેનો યોગ્ય જવાબ મળતા રજીસ્ટ્રારશ્રી એ નોંધણી અધિનિયમ–૧૯૦૮ ની જોગવાઈઓ મુજબ સદર લેખની નોંધણી કરેલ છે. જેથી વાદી સદર લેખ સબંધી તેમની દાવા તથા મનાઈ અરજીમાં જે હકીકતો જાહેર કરે છે તે તદન ખોટી અને ઉપજાવી કાઢેલ હોવાનું ફલીત થાય છે. ત્યારબાદ વાદીએ કરી આપેલા ઉપરોકત રજીસ્ટર્ડ લેખના આધારે ફેરફાર નોંધ નં. ૧૧૨૩૭ તથા ફેરફાર નોંધ નં. ૧૧૩૭૨ થી સદર જમીનોમાં વાદીનું નામ કમી કરવામાં આવેલ છે. પ્રતિવાદી નં. ૧ તથા ૨ નું સદર જમીનમાં નામ ચાલતુ આવેલ છે અને ચાલે છે. ત્યારબાદ સદર જમીનમાં પ્રતિવાદી નં. ૧ અને ૨ એ નોટરી પબ્લીક શ્રી સી.સી.પટેલ રૂબરૂ સીરીયલ નં. ૩૭૦૧ થી તા.૧૭/૦૬/૨૦૧૭ ના રોજ બુક નં. ૦૨, પાના નં. ૧૫૩ ના સંમતી પત્રથી તેના આધારે એમ.જી.વી.સી.એલ. કચેરી, ઠાસરા ખાતે ખેતી લાયક બોર કુવાની મોટરના વીજ જોડાણની કાર્યવાહી કરી તેના નાણા ભરપાઈ કરતા પ્રતિવાદી નં. ૧ ના નામનો ગ્રાહક/મીટર નં. ૦૫૦૫૧/ ૦૪૮૨૫/૦ થી પ્રતિવાદીઓને વીજ જોડાણ સને–૨૦૧૭ ના અરસાથી આપવામાં આવેલ છે. જેનો પ્રતિવાદી નિયત વાપર ઉપભોગ કરી નિયમસરના બીલ ભરતા આવેલ છે. પ્રતિવાદીએ તેમના ખર્ચે બોર અને ખેતીના ઓજાર માટેની ઓરડી બનાવેલ છે. વાદીએ તેની મનાઈ અરજીમાં સદર હકીકતો ખોટી રીતે છુપાવી ખોટી દાદ માંગેલ હોય તે નામંજુર થવાને પાત્ર છે. સદર જમીન પ્રતિવાદી નં. ૧ ના ભાગે આવેલ હોય સદર જમીન પ્રતિવાદી વર્ષોથી ખેડી વાવી તેનો ઉત્પન્ન લેતા આવેલ છે. તેના ભરવાપાત્ર તમામ પ્રકારના વેરા પ્રતિવાદી નં. ૨ ભરતા આવેલ છે. સદર જમીન ઉપર આજની તારીખે પ્રતિવાદી નં. ૧ નો પ્રત્યક્ષ અને સ્થળે કબજો આવેલ છે. જેમાં કોઈ પણ પ્રકારે વાદીને હેલો હરકત કે અંતરાય અટકાયત કરવાનો કોઈ હકક કે અધિકાર રહેલ નથી. આ તમામ હકીકતો વાદી સારી રીતે જાણતા હોવા છતા વાદીએ તદન ખોટો અને બોગસ દાવો દાખલ કરી પ્રતિવાદીના હકકો નષ્ટ કરવા ખોટો પ્રયાસ કરેલ છે. પ્રતિવાદી નં. ૧ તથા તેમના દીકરાઓ વાદી તથા માતા શારદાબેન તથા ગુજરનાર કાકી કમળાબેન વિઠલભાઈના ઓ પ્રતિવાદી સાથે રહેતા હતા અને પરીવારવાળા તેઓની ખુબ જ સેવા ચાકરી કરતા હતા. જેના કારણે ગુજરનાર કાકી કમળાબેને તેમની મીલ્કતો પ્રતિવાદી નં. ૨ નાઓને સોંપી તથા આપી દીધેલ. આ બાબતે રીશ રાખી પ્રતિવાદી નં. ૨ ને કાવા દાવા કરી વાદી તથા માતાને પ્રતિવાદી નં. ૧ થી વિખુટા પાડી

દીધેલા છે. પ્રતિવાદીને ખોટી રીતે હેરાન કરવા તથા નાહકના ખર્ચમાં ઉતારવા તથા પ્રેશર માં લાવવાના બદઈરાદે પ્રતિવાદી નં. ૨ દશરથભાઈ વાદીની સાથે ભળી જઈ પ્રતિવાદી નં .૧ સામે ખોટા કેસ ઉભા કરાવી રહેલા છે. વાદી નામદાર કોર્ટમાં સ્વચ્છ હાથે ન્યાય મેળવવા આવેલ નથી. વાદીએ દાવા તથા મનાઈ અરજીમાં મટીરીયલ ફેકટ સપરેસ કરેલ છે. વાદી કોઈ દાદ મેળવવા હકકદાર નથી. વાદીના દાવાનું પ્લીડીંગ સ્પષ્ટ નથી તેમજ વાદીના દાવાના પ્લીં ડીગથી પ્રતિવાદી નં. ૧ ના મિલકતના હકકોને નુકશાન થાય તેમ છે. ઉપરોકત તમામ હકીકતોએ તકરારી જમીન પ્રતિવાદી નં. ૧ ની આવેલ છે અને રેકર્ડ ઓફ રાઈટ તથા જમીન ઉપર પ્રત્યક્ષ તથા પરોક્ષ કબજો પ્રતિવાદી નં. ૧ નો આવેલ છે. વાદીને પ્રતિવાદી નં. ૧ ની જમીન ઉપર દાવો કરી કે મનાઈ અરજી કરી કબજો કરી દેવાનો કોઈ હકકે અધીકાર નથી. જો વાદીની દાવા તથા મનાઈ અરજી મંજુર કરવામાં આવે તો દાવાવાળી જમીન ઉપર પ્રતિવાદીઓના રહેલા કાયદેસરના હકકો અને અધિકાર કાયમ માટે નષ્ટ થઈ જાય તેમ છે અને પ્રતિ વાદીઓને પૈસાથી બદલો ના વાળી શકાય તેવુ ગંભીર નુકસાન થાય તેમ છે. વાદીનો પ્રથમ દર્શનીય કોઈ કેસ નથી, બેલેન્સ ઓફ કન્વીયન્સ વાદીની તરફેણમાં નથી, સગવડ અગવડની દ્રષ્ટીએ ન્યાયની દાંડી વાદીની તરફેણમાં નથી. વાદીનો દસ્તાવેજી પુરાવાથી તેમજ સ્થળ ઉપરની કબજા પરિસ્થતીથી પણ પ્રથમ દર્શનીય રીતે મનાઈ હુકમ મેળવી શકે તેવો વાદીનો કેસ નથી માટે ન્યાયના હીતમાં વાદીની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી તથા દાવા અરજી ખર્ચ સહીત રદ કરવા જરૂરી હુકમ કરવા તેમજ વાદીએ પ્રતિવાદીની સામે ખોટો દાવો કરેલ હોય તથા ખોટી રીતે મનાઈ હુકમ મેળવવા અરજી કરેલ હોય પ્રતિવાદીને વાદી પાસેથી સ્પેશીયલ કોમ્પેન્સેસન કોસ્ટના રૂા.૧૦,000/– અપાવવાનો હુકમ કરવા તથા દાવાનો તમામ ખર્ચ વાદી પાસેથી પ્રતિવાદીને અપાવવા અરજ ગુજારેલ છે. વાદીએ તેની દાવા તથા મનાઈ અરજીમાં માંગેલ કોઈ પણ દાદ પ્રતિવાદી પાસેથી મેળવવા કાયદેસર રીતે હકકદાર નથી. જેથી પણ વાદીની દાવા તથા મનાઈ અરજી રદ કરવા હુકમ કરવા અરજ ગુજારેલ છે. વાદીએ રજુ કરેલ નિ.૩/1 થી ૩/૧૪ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓથી તેની દાવા તથા મનાઈ અરજીને કોઈ સમર્થન મળતુ નથી જેથી પણ વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી. જેથી પણ

વાદીની દાવા તથા મનાઈ અરજી રદ કરવા ન્યાયના વિશાળ હીતમાં હુકમ કરવા અરજ ગુજારેલ છે.

પ્રતિવાદી નં. ૨ નાએ તેમના જવાબમાં જણાવેલ છે કે, વાદી પિતાએ કરેલ દાવો તથા મનાઈ અરજી સાચી અને ખરી છે. વાદી પિતા સાથે પ્રતિવાદી નં. ૧ જીતેન્દ્રભાઈ કિશોરભાઈએ દગા કપટ અને બનાવટ કરી તેમની કિંમતી મીલ્કતો ગમે તે ભોગે પડાવી લેવા હેરાન ગતી કરવાનું શરૂ કરેલ તેમજ વાદી પિતાની મીલ્કતો પોતે રાજકીય વગ વાળા અને તમાકુનો ધંધો કરતા હોય રૂપિયાના જોરે ગમે તે ભોગે લખાવી લેવા વાદી પિતાની વૃધ્ધ ઉમર અને અજ્ઞાનતાનો ગેરલાભ લઈ ફાવતા લખાણો વાદીની પીઠ પાછળ ઉભા કરેલા અને વાદીને તે અંગેની જાણ થતા પ્રતિવાદી નં. ૧ નાએ વાદી પિતા તથા માતાને અપમાનીત કરી અપીલ કેસો દાવા પાછા ખેંચવા ધમકાવી ઘરમાંથી કાઢી મુકેલા. પ્રતિવાદી નં. ૧ ની બદદાનત વાદી પિતાની તથા પ્રતિવાદી નં. ૨ ની કિંમતી જમીન મીલ્કતો ઉપર બગડેલી અને આ સંજોગોમાં પ્રતિવાદી નં. ૧ નાએ વાદીની પીઠ પાછળ ઉભા કરેલા કોઈ લખાણનો અમલ કરાવી શકાય તેમ નથી અને ઉભા કરેલા લખાણો રદ અને ગેરકાયદેસર ઠરાવવા દાવા અરજીના પેરા–૫ માં વાદી પિતાએ જણાવેલ કારણસર વાદી પિતાની દાવા અરજીના પેરા–૭ માં માંગ્યા મુજબ દાદ મંજુર રાખવા પ્રતિવાદી નં. ૨ નો કોઈ વાંધો કે વિરોધ નથી. પ્રતિવાદી નં. ૧ નાએ મોજે પાલીની બ્લોક નં. ૫૦૧/૧ પૈકી વાળી ક્ષે. ૨–૪૦–૮૦ હે.આરે જમીન અંગે દાનત બગાડી તા.૧૭/૦૬/૨૦૧૭ ના રોજ વાદી પિતાને રજીસ્ટ્રાર કચેરી ગળતેશ્વર સેવાલીયા લઈ જઈ તૈયાર લખાણ કરાવેલ તેમાં સહી અંગુઠા વાદી પિતાની વૃધ્ધ ઉમર અને અજ્ઞાનતાનો ગેરલાભ લઈ નોંધાવેલ. જે પ્રતિવાદી નં. ૧ ની બનાવટ જાણ થતા વાદી પિતાએ પ્રતિવાદી નં. ૧ ને તથા તેમના દીકરાને ઠપકો કરતા પ્રતિવાદી નં. ૧ નાએ વાદી પિતા માતાને ભુખે મારવાની કાંટો કાઢી નાખવાની ધમકીઓ આપેલ. તેમજ વાદી પિતાના સગા ભાઈ ગુજરનાર વિઠલભાઈ છોટાભાઈ તથા ગુજરનાર કમળાબેન વિઠલભાઈનાઓની આજીવન સેવા ચાકરી, દવા–સારવાર, અંતિમ ક્રિયા પ્રતિવાદી નં. ૨ નાઓએ કરેલ અને તેમને મળેલ મીલ્કતો ઉપર પણ પ્રતિવાદી નં. ૧ ની બદદાનત થતા મે.પંચાયત સચિવ, ગાંધીનગર સુધી પ્રોસીડીંગ થયેલા. વાદી પિતાની મીલ્કતોમાં નવા ગેરકાયદેસર હકકો ઉભા કરવા મામલતદાર કચેરી સેવાલીયામાં વાદી પિતાને અંધારામાં

રાખી વાદી પિતાની મીલ્કત હડપ કરી જવા પ્રયત્નો કરેલા તેની વાદી પિતાને જાણ થતાં વાદીએ અપીલ નં. ૧૮૩/૧૯, ૧૮૪/૧૯ અને ૧૮૫/૧૯ પ્રતિવાદી નં. ૧ વિરૂધ્ધ દાખલ કરેલ જે પ્રોસીડીંગ ઠરાવ માટે પેન્ડીંગ છે. આમ દાવાવાળી વાદી પિતાની મીલ્કતો માટે વાદીએ પ્રતિકાર કરતા વાદી માતા પિતાને પ્રતિવાદી નં. ૧ નાએ તરછોડી દેતા ભરણપોષણ અરજી નં. ૧ ૫૬/૧૮ ગળતેશ્વર તાલુકા કોર્ટમાં વાદી પિતા અને માતાએ દાખલ કરેલ. આમ પ્રતિવાદી નં. ૧ રૂપિયાના જોરે વાદીની મીલ્કતો પચાવી પાડવા વાદીના વિરૂધ્ધના લખાણો ઉપજાવી વાદીના હકકોને નુકશાન કરતા હોય વાદીના માંગ્યા મુજબ તા.૧૭/૦૬/૨૦૧૭ ના રોજ પ્રતિવાદી નં. ૧ ના ઉપજાવી કાઢેલ લખાણ તા.૧૦/૦૭/૨૦૧૭ ના રોજ નોંધાવેલ હકક કમી દસ્તાવેજ નં. ૨૫૮/૧૭ રદ બાતલ ઠરાવવા ન્યાયના હીતમાં જરૂર છે. જે વાદગ્રસ્ત લખાણનો આજ દિન સુધી અમલ થયેલ નથી તેમજ વાદ ગ્રસ્ત લખાણથી પ્રતિવાદી નં. ૧ ને મુળ માલિક વાદી પિતાના હકકો વિરૂધ્ધ કોઈ પણ જાતનો હકક અધિકાર પ્રાપ્ત થયો ના હોય, થયેલ ના હોય દાવાવાળી જમીનમાં પ્રતિવાદી નં. ૧ અને તેમના દીકરાઓ જુથના જોરે ગેરકાયદેસર પ્રવેશ કરી વાદીની દાવાવાળી જમીનમાં ખોટા દસ્તાવેજી પુરાવા ઉભા કરી વીજ જોડાણ લેવા, નવા હકકો ઉભા કરે તો વાદીના હકકોને નાણાથી બદલો ના વાળી શકાય તેવું ગંભીર પ્રકારનું નુકશાન સહન કરવાનો વારો આવે તેમ હોય વાદગ્રસ્ત લખાણ છેવટે પણ રદબાતલ થવાનું હોય વાદીની મનાઈ અરજીના પેરા–૬ માં માંગ્યા મુજબની વચગાળાની દાદ મંજુર રાખવા ન્યાયના હીતમાં જરૂર છે. વાદી દાવાવાળી જમીનના પ્રાયમાફેસી માલિક અને કબજેદાર છે. વાદીના હકકો વિરૂધ્ધ પ્રતિવાદી નં. ૧ ના ગેરકાયદેસરના અપકૃત્યો અટકાવવાથી પ્રતિવાદી નં. ૧ ને કોઈ પણ જાતનું નુકશાન થવાનો સંભવ નથી. વાદી વૃધ્ધ ઉંમરના અને છેલ્લી અવસ્થામાં છે. આ સંજોગોમાં પ્રતિવાદી નં. ૧ નાએ કરેલ વાદગ્રસ્ત લખાણ રદ કરવા અને વાદીના માગ્યા મુજબની આખરી તથા વચગાળાની દાદ મંજુર રાખવા પ્રતિવાદી નં. ૨ નો ઉપરોકત સંમતિ જવાબ છે.

(૪) વાદીએ પ્રતિવાદી નં.૧ના જવાબની હકીકતો વિરૂધ્ધ કાઉન્ટર સોગંદનામુ રજુ કરી દાવા તથા મનાઈ અરજીની વિગતો જણાવી તેની હકીકતોને વળગી રહેલ છે અને પ્રતિવાદી નં.૧ના જવાબમાં લખેલ તમામ હકીકતો તેઓ કબુલ રાખતા નથી તેમ જણાવેલ છે.

(૫) આ કામે આ અરજીના મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– મુદ્દા –**

(૧) શું વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે ?

(૨) બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, તેઓને માંગ્યા મુજબની દાદ આપવામાં ન આવે તો, નાણાથી ભરપાઈ ન થાય તેવુ નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે :

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ

(૭) ઉપરોકત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે મુજબ છે :

**/// કા ર ણો ///**

(૮) આ કામના વાદીએ મનાઈ અરજીના સમર્થનમાં નિ.૩/૧ થી ૩/૧૪ તથા ૨૨/૧ થી ૨૨/૧૧ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. તેમજ પ્રતિવાદી નં. ૧ એ તેઓના વાં ધા–જવાબના સમર્થનમાં નિ.૧૭/૧ થી ૧૭/૧૫ તથા નિ.૨૬/૧ થી નિ.૨૬/૪ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જયારે પ્રતિવાદી નં. ૨ એ તેઓના વાંધા–જવાબના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

(૯) વાદીના વિ.વ.શ્રી. કે.એન.પટેલનાઓએ તેઓની આંક–૫ ની અરજીમાં જણાવેલ હકીકતો મુજબની દલીલ કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, નિ.૩/૧ થી જે તકરારી હક કમી નો લેખ તા.૧૭/૦૬/૨૦૧૭ ના રોજ પ્રતિવાદી નં. ૧ નાએ વાદીને સબ રજીસ્ટ્રાર ઓફીસમાં લઈ જઈ લખાવી લીધેલ છે તે લેખ નલ એન્ડ વોઈડ કરવા ત્રણ વર્ષની અંદરની સમય મર્યાદામાં વાદીએ મુળ ખાતેદાર તરીકે હાલનો દાવો કરેલ છે. વાદીની ઉંમર ૮૦ વર્ષ છે. પ્રતિવાદી નં. ૧ એ સહ ભાગીદાર તરીકે દાખલ થવા માટે એક ફેરફાર નોંધ પડાવેલ. તે નોંધ તા.૨૬/૧૨/૨૦૦૬ ના રોજ દાખલ થઈ જેને રેવન્યુ ઓથોરીટીએ તા.૧૬/૦૩/૨૦૦૭ ના રોજ રદ કરેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ ધ્વારા બીજી ફેરફાર નોંધ નં. ૭૯૭૮ સહ ભાગીદાર તરીકે દાખલ થવા પડાવવામાં આવેલ. જે નોંધ તા.૧૩/૦૯/૨૦૦૭ ના રોજ પ્રમાણિત થયેલ છે. ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની જોગવાઈ મુજબ સ્ટેમ્પ ભર્યા બાદ રજીસ્ટર્ડ દસ્તાવેજ સિવાય નામ દાખલ થઈ શકે નહી. પ્રતિવાદી નં. ૧ એ ફકત રૂા.૨૦/– ના સ્ટેમ્પ ઉપર લખાણ કરાવી વાદીની સહી કરાવી નામ દાખલ કરાવેલ છે. તેમજ નિ.૩/૧ વાળો દસ્તાવેજ પ્રતિવાદી નં. ૧ એ રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર તૈયાર કરી વાદીનું નામ દાવાવાળી મીલ્કતમાંથી કમી કરાવી દીધેલ છે. વાદીએ નિ.૩/૭ થી રેવન્યુ ઓથોરીટી ધ્વારા હક કમીની એન્ટ્રી નામંજુર કરવામાં આવે તે રજુ કરેલ છે. તેમજ ગુજરાત સરકારના પરીપત્રના આધારે આ એન્ટ્રી સામે પ્રાંત કચેરીમાં અપીલ કરવામાં આવેલ જે અપીલ મંજુર કરવામાં આવેલ છે. જે હુકમ સામે મહેસુલ સચિવની કચેરીમાં અપીલ ચાલુ છે. વધુમાં રજુઆત કરેલ છે કે પ્રતિવાદી નં. ૧ એ વાદીની વૃધ્ધ ઉંમર તથા કાયદાની અજ્ઞાનતાનો લાભ લઈ દાવાવાળી મીલ્કતમાંથી વાદીનો હક જતો કરેલ છે. જેથી વાદીએ દાવા અરજીમાં જણવેલ દાદ માંગવાની જરૂર પડેલ છે. જો હાલના દાવા દરમ્યાન પ્રતિવાદી નં. ૧ સદર હક કમીના લખાણનો ઉપયોગ કરી નવા હકો ઉભા કરે તો વાદીને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે. પ્રતિવાદી નં. ૧ એ તકરારી હક કમીનું લખાણ કર્યા બાદ વાદી પિતા તથા માતાને ઘરમાંથી કાઢી મુકી રસ્તા ઉપર લાવી દીધેલ છે. જેથી વાદીએ અત્રેની કોર્ટમાં પ્રતિવાદી નં. ૧ સામે ક્રિ.પ્રો. ની કલમ–૧૨૫ મુજબની ભરણ પોષણ મેળવવાની અરજી કરેલ છે. જે અરજીમાં પણ હાલના દાવા મુજબની વિગત જણાવેલ છે. વાદી

પિતાને તેમના નાના દિકરા એટલેકે પ્રતિવાદી નં. ૨ એ પોતાના ઘરમાં રાખેલ છે અને તેઓની દેખરેખ કરે છે. જેથી વાદીના હકોનું રક્ષણ કરવું જરૂરી છે. તેમજ જો વાદીની તરફેણમાં મનાઈ હુકમ ફરમાવવામાં આવે તો પ્રતિવાદી નં. ૧ ને કોઈ નુકશાન થાય તેમ નથી. પ્રતિવાદી નં. ૧ એ તેમના જવાબમાં દાવાવાળી મીલ્કત વડીલો પાર્જીત હોવાનું કબુલ કરેલ છે. જેથી તે મીલ્કત બક્ષિસ કે વીલથી આપી શકાય નહી. નામદાર નાયબ કલેકટર સાહેબશ્રીના હુકમથી વાદીનું નામ દાવાવાળી મીલ્કતમાંથી નીકળી ગયેલ છે. જે હુકમ કાયદા વિરૂધ્ધનો છે અને તે હુકમ સામેની અપીલ હાલમાં પેન્ડીંગ છે. વાદી તથા તેમના પત્નીનું ગુજરાન સદર તકરારી જમીન ઉપર ચાલે છે. રેવન્યુ રેકર્ડમાંથી નામ નીકળી જવાથી હક જતો રહેતો નથી. તેમજ વાદીએ પોતાના કોઈ હક જતા કરેલા નથી અને રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરવાથી લાખોની જમીનના હકો જતા રહેતા નથી. વધુમાં પ્રતિવાદી નં. ૧ નાએ દાવાવાળી મીલ્કતના વીજ જોડાણ લેવા માટે જે છેતરપીંડી કરેલ છે તેની સામે વાદીએ કેવીયેટ અરજી પણ દાખલ કરેલ છે. તેમજ તે અંગેના પુરાવા નિ.૨૧/૧ થી નિ.૨૧/૧૧ સુધી રજુ કરેલા છે. આમ વાદી પ્રથમ દર્શનીય રીતે દાવાવાળી જમીનના માલિક હતા અને સદર જમીનનો કબજો પણ વાદીનો છે. જેથી દાવાનો આખરી નિકાલ થાય ત્યા સુધી વાદીના હકોનું રક્ષણ કરવું જરૂરી છે. તેમજ પ્રતિવાદી નં. ૧ ખેડુત ના હોવા છતાં રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ મંજુર કરાવેલ છે જેમા પણ કાયદાનો ભંગ થયેલ છે. જેથી વાદગ્રસ્ત હક કમીનો લેખ સાચો છે કે ખોટો તે પુરાવા લીધા વગર નકકી થઈ શકે તેમ નથી. જેથી દાવાનો આખરી નિકાલ આવે ત્યા સુધી વાદીએ માંગ્યા મુજબનો મનાઈ આપવા અરજ કરેલ છે. તેમજ વાદીએ પ્રતિવાદી નં. ૨ વિરૂધ્ધ કોઈ દાદ માંગેલ નથી. જેથી પ્રતિવાદી નં . ૧ સામે માંગેલ મનાઈ હુકમ મંજુર કરવા નમ્ર અરજ છે.

ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ ના વિ.વ.શ્રી એસ.આર.મલેકનાઓએ તેઓના વાંધા જવાબમાં જણાવેલ હકીકતો મુજબની રજુઆત કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, દાવાવાળી જમીન મુળ થી જ વાદીના કાકા અને પ્રતિવાદી નં. ૧ ના દાદાની આવેલી છે. તેઓના મૃત્યુ બાદ વારસાઈ હકે ફેરફાર નોંધ નં. ૭૫૭૬ થી સીધી લીટીના વારસદારોના નામ દાખલ થયેલ છે. ત્યારબાદ ફેરફાર નોંધ નં. ૭૯૭૭ થી ચાર વારસો ઓછા થઈ ગયેલ છે. જે પૈકી એક વારસદાર ગુજરી ગયેલ અને

ત્રણ વારસોએ હક કમી કરાવેલ છે. જેથી ફકત વાદીનું નામ રહી ગયેલ. ત્યારબાદ ફેરફાર નોંધ નં . ૭૯૧૧ થી પ્રતિવાદી નં. ૧ અને ર વાદીના સગા દિકરા થતા હોય અને તેઓના સબંધ સારા હોય તેઓનું નામ દાખલ કરવા તથા વાદીનું નામ કમી કરવા કાર્યવાહી કરવામાં આવેલ જે સર્કલ ઈન્સ્પેકટરનાઓએ નામંજુર કરેલ કારણકે આ તમામ કાર્યવાહી સાથે થઈ શકે તેમ ના હતી. તા.૦૧/૦૯/ર૦૦૭ ના રોજની ફેરફાર નોંધ નં. ૭૯૭૮ થી પ્રતિવાદી નં. ૧ અને ર નું સહ ભાગીદાર તરીકે વાદીની સ્વેચ્છાએ નામ દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ વાદી દાવાવાળી જમીનમાંથી પોતાનો હકક ઉઠાવી લેવા માંગતા હોય તા.૧૭/૦૬/ર૦૧૭ ના રોજ સબ રજીસ્ટ્રાર કચેરીમાં વાદીએ જાતે હાજર રહીને હક કમીનો લેખ રજીસ્ટર્ડ કરાવેલ છે. જે લેખ આ કામે નિ.૩/૧ થી રજુ થયેલ છે. આ લેખ રજી. નં.ર૫૮/ર૦૧૭ થી રજીસ્ટર્ડ થયેલ છે. સદર લેખ બંને પક્ષકારોની સહીઓ, ફોટા તથા ઓડીયો, વીડીયો તથા તમામ નિયમ અને જોગવાઈઓ મુજબ સબ રજીસ્ટ્રારશ્રી એ રજીસ્ટર્ડ કરેલ છે. જેથી વાદીએ અમો દિકરા સાથે સબંધ સારા ન રહેતા ખોટી હકીકતો જણાવી હાલનો ખોટો દાવો કરેલ છે. સદર લેખના આધારે પ્રથમ કાચી એન્ટ્રી પડી હતી. જે નાયબ મામલતદારશ્રી ધ્વારા રદ કરવામાં આવેલ પરં તુ સદર એન્ટ્રીને નાયબ કલેકટરશ્રી ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરી જણાવેલ છે કે વાદી તરફે તેઓની દલીલમાં જે સરકારના પરીપત્રની રજુઆત કરવામાં આવેલ છે તે ખરી હકીકતે બે પરીપત્રો છે. જેમાં પહેલો પરીપત્ર તા.૧૪/૦૩/ર૦૧૬ ના રોજનો છે. આ પરીપત્ર ફકત આઠ મહિના માન્ય રહયો હતો અને ત્યારબાદ બીજો પરીપત્ર તા.૧૭/૧૦/ર૦૧૭ ના રોજ આવેલ હતો જે પરીપત્રથી અગાઉનો પરીપત્ર રદ કરવામાં આવ્યો હતો. આમ સદર પરીપત્રો મુજબ પણ અમો સમય મર્યાદામાં હતા અને ત્યારબાદ તે પરીપત્ર રદ થયેલ છે જે હકીકત ધ્યાને લેતા નામદાર નાયબ કલેકટરશ્રી એ અમારી એન્ટ્રી મંજુર કરેલ છે અને વાદીએ નાયબ કલેકટરશ્રીના સદર હુકમ સામે કોઈ અપીલ કરેલ નથી. વધુમાં દાવાવાળી જમીનમાં વીજ કનેકશન મેળવવા માટે પ્રતિવાદી નં. ૧ ને વાદી તથા પ્રતિવાદી નં. ર નાઓએ સં મતિ પત્રક લખી આપેલ છે જેના આધારે પી.જી.વી.સી.એલે પ્રતિવાદી નં. ૧ ને વીજ કનેકશન આપવાની મંજરી આપેલ છે. જે સંમતિ પત્રક હમોએ આ કામે નિ.૧૭/૭ થી રજુ કરેલ છે. તેમજ ત્યારથી અમો પ્રતિવાદી નં. ૧ વીજ કનેકશન વાપરીયે છે અને તેના બીલ ભરીયે છે જેની

પાવતીઓ અમોએ નિ.૧૭/૧૦ તથા નિ.૧૭/૧૧ થી રજુ કરેલ છે. વધુમાં અમો પ્રતિવાદી નં. ૧ એ ખેડુત ખાતેદાર તરીકે નોંધણી નં. ૬૧૩૪૩૪ થી નોંધણી કરાવેલ છે જે આ કામે અમોએ નિ.૧૭/૧૩ થી રજુ કરેલ છે. તેમજ દાવાવાળી જમીનનું મહેસુલ પણ પ્રતિવાદી નં. ૧ ભરતા આવેલ છે જે અંગેની પાવતી અમોએ નિ.૧૭/૧૪ તથા નિ.૧૭/૧૫ થી રજુ કરેલ છે. આમ વનદી તથા પ્રતિવાદી નં. ર એ મળીને અમો પ્રતિવાદી નં. ૧ સામે ખોટો દાવો અને ખોટી મનાઈ અરજી કરેલ છે જેથી હાલની મનાઈ અરજી નામંજુર કરવા નમ્ર વિનંતી કરેલ છે.

પ્રતિવાદી નં. ર ના વિ.વ.શ્રી એચ.વી.ગાંધીનાઓએ તેઓના વાંધા જવાબના સમર્થનમાં કોઇ દલીલ કરેલ નથી.

(૧૦) **મુદ્દા નં. ૧ થી ૩ :–**

સદરહુ દાવાના કામનું બન્ને પક્ષોનું પ્લીડીંગ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં, ઉપરોકત ત્રણેય મુદ્દાઓ એકબીજાને સંલગ્ન હોય પુરાવાની હકીકતોનું પુનરાવર્તન ન થાય તે હેતુથી ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે. વાદીએ તેમની મનાઈ અરજી સાબિત કરવા માટે **સી.પી.સી.**નાં **ઓર્ડર–૩૯** મુજબ જણાવવામાં આવેલ **ત્રણ આવશ્યક તત્વો** સાબિત કરવા જોઈએ. જેમકે, **પ્રથમ દર્શનીય કેસ** હોવો જોઈએ. જો વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરૂધ્ધ મનાઈ હુકમ ફરમાવવામાં ન આવે તો વાદીને **નાણાંથી બદલો ન મળી શકે તેવું ગંભીર પ્રકારનું નુકશાન** થતું હોવું જોઈએ તથા **સગવડ અગવડતાની સમતુલા** વાદીની તરફેણમાં થવું જરૂરી છે. તો જ વાદી મનાઈ હુકમ મેળવવા હકદાર થાય છે.

વાદીએ મનાઈ અરજીના સમર્થનમાં આંક–૩ તથા રર ના લીસ્ટથી વાદી તર્ફે નિ.૩/૧ થી વાદગ્રસ્ત હકક કમી લેખ નં. ર૫૮/૧૭ ની ઝેરોક્ષ નકલ, નિ.૩/ર થી વાદગ્રસ્ત હકક કમી લેખની ઈન્ડેક્ષ નકલ, નિ.૩/૩ થી મોજે પાલીની ખાતા નં. ૬૬ ની ૮/અ ની નકલ, નિ.૩/૪ થી મોજે પાલીની ખાતા નં. ૧૭૬ ની ૮/અ ની નકલ, નિ.૩/૫ થી મોજે પાલીની સર્વે નં. ૫૦૧/૧ /પૈકી ની ૭/૧ર ની નકલ, નિ.૩/૬ થી મોજે પાલીની ખાતા નં. ૪૭૦ ની ૮/અ ની નકલ, નિ.૩/૭ થી હકક કમી ફેરફાર નોંધ–૧૦૭૮૩ ની નમુના નં. ૬ ની નકલ, નિ.૩/૮ થી હયાતીમાં

ફરેફાર દાખલ નોંધ–૧૦૩૯ ની નમુના નં. ૬ ની નકલ, નિ.૩/૯ થી નાયબ ઈજનેરશ્રી મ.ગ્ર .વી.કે. ઠાસરાનો વાદીને પત્ર, નિ.૩/૧૦ થી વાદીએ પ્રતિવાદીઓને આપેલ લીગલ નોટીસ, નિ.૩/૧૧ થી વાદીએ પ્રતિવાદીઓને આપેલ લીગલ નોટીસની રજી.પો. પાવતી, નિ.૩/૧૨ થી વાદીને જીલ્લા કલેકટર સાહેબનો પત્ર, નિ.૩/૧૩ થી વાદીને જીલ્લા કલેકટર સાહેબનો પત્ર તથા નિ.૩/૧૪ થી વાદીએ દાખલ કરેલ ખોરાકી અરજી નં. ૧૫૩/૧૮ તેમજ નિ.૨૨/૧ થી કલમ–૧૫૧ મુજબ કેવીયટ અરજી, નિ.૨૨/૨ થી માહીતી અધિકાર હેઠળ માહીતી મેળવવા મધ્ય ગુજરાત વીજ કંપનીને કરેલ અરજી, નિ.૨૨/૩ થી ગુજરાત તકેદારી આયોગ, નિ.૨૨/૪ થી બનાવટ છેતરપીંડી કરી સહી કરાવેલ લખાણ રદ બાતલ ઠરાવવા કરેલ દાવાની નકલ, નિ.૨૨/૫ થી વાદીના ચુંટણી કાર્ડની ઝેરોક્ષ નકલ, નિ.૨૨/૬ થી આર.ટી.એસ. વિ. માફ ૪૫/૧૮ ની નોટીસ, નિ.૨૨/૭ થી આર.ટી.એસ.રીવીઝન/કેએચડી/મનાઈ ૧૮૩/૧૯ ની નોટીસ, નિ.૨૨/૮ થી આર.ટી.એસ.રીવીઝન/કેએચડી/મનાઈ ૧૮૪/૧૯ની નોટીસ, નિ.૨૨/૯ થી આર.ટી.એસ. રીવીઝન/કેએચડી/મનાઈ ૧૮૫/૧૯ ની નોટીસ, નિ.૨૨/૧૦ થી નાયબ ઈજનેર એમ.જી.વી.સી.એલ નો પત્ર, નિ.૨૨/૧૧ થી સહ ભાગીદારી નોંધ નં. ૭૯૭૮ નામંજુર કરવા આસી. કલેકટર સાહેબને અરજી રજૂ કરેલ છે. જયારે પ્રતિવાદીનાઓએ તેઓના વાંધા–જવાબના સમર્થનમાં આંક–૧૭ તથા ૨૬ ના લીસ્ટથી પ્રતિવાદીઓ તર્ફે નિ.૧૭/૧ થી ગામ નમુના નં. ૬ ના હકકપત્રકની ફેરફાર નોંધ નં. ૭૯૫૬ થી પડેલ વારસાઈ નોંધની અસલ સર્વે નં. ૫૦૧/૧ પૈકી, નિ.૧૭/૨ થી ગામ નમુના નં. ૬ ના હકકપત્રકની ફેરફાર નોંધ નં. ૭૯૭૭ થી પડેલ વારસાઈ નોંધની અસલ સર્વે નં. ૫૦૧/૧ પૈકી, નિ.૧૭/૩ થી ગામ નમુના નં. ૬ ના હકકપત્રકની ફેરફાર નોંધ નં. ૭૯૧૧ હયાતીમાં હકક દાખલ કરવાની ફરેફાર નોંધની અસલ સર્વે નં. ૫૦૧/૧ પૈકી, નિ.૧૭/૪ થી ગામ નમુના નં. ૬ ના હકકપત્રકની ફેરફાર નોંધ નં. ૭૯૭૮ થી સહભાગીદારીમાં હકક દાખલ કરવાની ફરેફાર નોંધની અસલ સર્વે નં. ૫૦૧/૧ પૈકી, નિ.૧૭/૫ થી ગામ નમુના નં. ૬ માં પડેલ ફેરફાર નોંધ નં. ૧૧૨૩૭ થી પ્રમાણીત થયેલ ફેરફાર નોંધ નં. ૧૦૭૮૩ પ્રમાણીત કરવા હુકમ કર્યાની ફેરફાર અંગેની અસલ સર્વે નં. ૫૦૧/૧ પૈકી, નિ.૧૭/૬ થી ગામ નમુના નં. ૬ ના હકકપત્રકની ફેરફાર નોંધ નં. ૧૧૨૭૨ થી પડેલ હકક દાખલ ની ફેરફાર નોંધ નં. ૭૯૭૮ ને પ્રસ્થાપિત કરેલ હુકમની ફેરફારની અસલ સર્વે નં. ૫૦૧

/૧ પૈકી, નિ.૧૭/૭ થી બ્લોક નં. ૫૦૧/૧ પૈકી ૧૭૬ માં વીજ જોડાણ માટે કરી આપેલ વાદી તથા પ્રતિવાદી નં. ૨ નો આપેલ સંમતી કરારની કોપી, નિ.૧૭/૮ થી મભ્ય ગુજરાત વીજ કંપનીમાં ભરેલ લાઈટબીલની અસલ, નિ.૧૭/૯ થી મધ્ય ગુજરાત વીજ કંપની માં અનુક્રમ નં. ૮ વાળા બીલની ભરેલ પૈસાની રસીદની કોપી, નિ.૧૭/૧૦ થી વીજ જોડાણ માટે ભરેલનાણાની પાવતીઓની કોપી, નિ.૧૭/૧૧ થી મધ્ય ગુજરાત વીજ કંપની માં લાઈટના એસ્ટીમેન્ટ માટે ભરેલ નાણાંની પાકી રસીદની કોપી, નિ.૧૭/૧૨ થી મધ્ય ગુજરાત વીજ કંપની માં ભરેલ પૈસાની પેટીએમ ધ્વારા ભરેલ પેમેન્ટ એકનોલેજમેન્ટ રસીદ કોપી, નિ.૧૭/૧૩ થી બ્લોક સર્વે નં . ૫૦૧/૧ પૈકી ખાતા નં. ૧૭૬ માં ખેડુત ખાતેદાર તરીકે નોંધાયેલ નોંધણીપત્રકની નકલ, નિ.૧ ૭/૧૪ થી બ્લોક સર્વે નં. ૫૦૧/૧ પૈકી ખાતા નં. ૧૭૬ ની મહેસુલ ભર્યાની પાવતીની કોપી, નિ.૧૭/૧૫ થી બ્લોક સર્વે નં. ૫૦૧/૧ પૈકી ખાતા નં. ૧૭૬ ની મહેસુલ ભર્યાની પાવતીની કોપી તેમજ નિ.૨૬/૧ થી વાદીએ પ્રતિવાદી નં. ૧ તથા ૨ તરફે પોતાનો હકક જતો કર્યાનો રજીસ્ટર્ડ હકક કમી લેખનો દસ્તાવેજની નકલ, નિ.૨૬/૨ થી આર.ટી.એસ. રીવીઝન અરજી નં . ૧૮૪/૧૯ નો ઓર્ડરની કલેકટરશ્રી નડીયાદનાઓના હુકમની ઝેરોક્ષ નકલ, નિ.૨૬/૩ થી માનનીય મહેસુલ વિભાગ વિવાદ સચિવમાં કરેલ મનાઈ અરજી ૭૮/૧૯ ના હુકમની ઝેરોક્ષ, નિ.૨૬/૪ આર.ટી.એસ.રીવીઝન ૧૮૪/૧૯ ના હુકમની ઝેરોક્ષ રજુ કરેલ છે.

આમ રજુ થયેલ આંક–૫ ની અરજી તથા તેના જવાબો અને રજુ થયેલ તમામ દસ્તાવેજો તેમજ પક્ષકરો તરફેની દલીલો ધ્યાને લેતા દાવાવાળી જમીન વાદીના પુર્વજોના નામે ચાલી આવેલી હતી. તેઓના મૃત્યુ બાદ સદર જમીનમાં વારસાઈ હકે ફેરફાર નોંધ નં. ૭૯૫૬ થી સીધી લીટીના વારસદારોના નામ દાખલ થયેલ છે જે નિ.૧૭/૧ જોતા ફલીત થાય છે. ત્યારબાદ નિ.૧૭/૨ થી રજુ થયેલ ફેરફાર નોંધ નં. ૭૯૭૭ જોતા બાકીના વારસદારોના નામ કમી થતા વાદીનું એકલાનું નામ દાવાવાળી જમીનના રેકર્ડમાં રહી ગયેલ હોવાનું જણાય આવે છે. ત્યારબાદ નિ.૧૭/૪ ની ફેરફાર નોંધ નં. ૭૯૭૮ થી પ્રતિવાદી નં. ૧ અને ૨ નાંઓના દાવાવાળી જમીનમાં સહ ભાગીદાર તરીકે નામ દાખલ થયેલ છે જે વાદીના જણાવ્યા મુજબ રજી. દસ્તાવેજ સિવાય નામ દાખલ થઈ શકે નહી. જે પ્રતિવાદી નં. ૧ નાંએ ફકત રૂા.૨૦/– ના સ્ટેમ્પ

ઉપર લખાણ કરી વાદીની ખોટી રીતે સહી કરાવી દાખલ કરેલ છે જે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની જોગવાઈ વિરૂધ્ધ કરેલ છે. પરંતુ કઈ જોગવાઈ વિરૂધ્ધ કરેલ છે તે વાદીએ જણાવેલ નથી અને તે હકીકત વાદીએ પુરવાર કરવાની રહે છે. તેમજ સદર ફેરફાર નોંધ સરકારશ્રીના પરીપત્રના આધારે પ્રમાણીત થયેલ છે જે પરીપત્રને કાયદાનું સ્વરૂપ આપવામાં આવેલ છે. ત્યારબાદ પક્ષકારો વચ્ચે નિ.૩/૧ વાળો દાવાવાળી જમીન અંગેનો રીલીઝ યાને સંયુકત મજીયારી મીલ્કતમાંથી હક ઉઠાવ્યાનો લેખ થયેલ છે. જે લેખ મુજબ દાવાવાળી જમીનમાંથી વાદીએ પોતાના તમામ હકક પ્રતિવાદીઓની તરફેણમાં ઉઠાવી લીધેલ છે. વાદીના કથન મુજબ નિ.૩/૧ વાળો તકરારી લેખ પ્રતિવાદી નં. ૧ નાએ તેમના પિતા એટલેકે વાદીની મરજી વિરૂધ્ધ વાદીની વૃધ્ધ ઉંમર તથા કાયદાની અજ્ઞાનતાનો લાભ લઈ વાદી પાસે ખોટી રીતે કરાવી લીધેલ છે. પરંતુ નિ.૩/૧ વાળો તકરારી લેખ વંચાણે લેતા સદર લેખ તા.૧૭/૦૬/૨૦૧૭ ના રોજ સબ રજીસ્ટ્રાર કચેરી ગળતેશ્વર મુકામે રજી. નં. ૨૫૮/૨૦૧૭ થી રજીસ્ટર થયેલ છે જે લેખમાં પક્ષકારો તથા સાક્ષીઓના અંગુઠા તથા સહીઓ અને ફોટાઓ લેવામાં આવેલ છે. તેમજ તેમાં સબ રજીસ્ટ્રારશ્રી ગળતેશ્વર એસ.વી.પરમારનાઓની પણ સહી છે. આમ નિ.૩/૧ વાળો તકરારી લેખ સબ રજીસ્ટ્રાર કચેરી ગળતેશ્વર મુકામે સબ રજીસ્ટ્રારશ્રી રૂબરૂ રજીસ્ટર થયેલ દસ્તાવેજ છે. હવે સદર રજીસ્ટર્ડ દસ્તાવેજ વાદીના કથન મુજબ જો પ્રતિવાદી નં. ૧ નાએ વાદીની વૃધ્ધ ઉંમર તેમજ કાયદાની અજ્ઞાનતાનો લાભ લઈ ખોટી રીતે છેતરપીંડીથી કરાવી લીધેલ હોવાનું વાદી જણાવતા હોય તો તે હકીકત પુરવાર કરવાનો બોજો વાદીના શીરે છે અને તે પુરાવાનો વિષય છે. વધુમાં વાદીના જણાવ્યા મુજબ પ્રતિવાદી નં. ૧ નાએ નિ.૩/૧ વાળો લેખ કરાવ્યા બાદ વાદી તથા તેમના પત્નીને ઘરમાંથી કાઢી મુકેલ છે જેથી વાદીએ અત્રેની કોર્ટમાં પ્રતિવાદી નં. ૧ સામે ભરણ પોષણ મેળવવાની અરજી દાખલ કરેલ છે. પરંતુ તેનાથી પ્રતિવાદી નં. ૧ નાએ વાદી પાસે તકરારી લેખ ગેરકાયદેસર રીતે કરાવી લીધેલ હોવાનું પુરવાર થતુ નથી અને તે હકીકત વાદીએ પુરવાર કરવાની રહે છે. વધુમાં નિ.૩/૧ ના લેખના આધારે રેવન્યુ રેકર્ડમાં તે અંગેની એન્ટ્રી મામલતદારશ્રી ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે પરંતુ તે હુકમ સામે અપીલ થતા નાયબ કલેકટરશ્રી ધ્વારા અપીલ મંજુર કરી સદર એન્ટ્રીને પ્રમાણીત કરવામાં આવેલ છે જે નિ–૧૭/૫ જોતા જણાય આવે છે. વાદીના જણાવ્યા

મુજબ સદર હુકમ કાયદા વિરૂધ્ધનો છે અને સદર હુકમ સામે અપીલ હાલમાં પેન્ડીંગ છે. પરંતુ તે અપીલમાં નાયબ કલેકટરશ્રીના હુકમને કાયદા વિરૂધ્ધનો ઠરાવવામાં આવેલ હોય કે તેની સામે સ્ટે આપવામાં આવેલ હોય તેવો કોઈ હુકમ આ કામે રજુ થયેલ નથી. વધુમાં પ્રતિવાદી નં. ૧ તરફે નિ.૧૭/૭ થી વાદી તથા પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૧ ને દાવાવાળી મીલ્કતમાં પ્રતિવાદી નં. ૧ ના નામે વીજ કનેકશન લેવા માટે સંમતિ પત્ર લખી આપેલ તે રજુ કરવામાં આવેલ છે. જે નિ.૧૭/૭ વાળો સંમતિ પત્ર વંચાણે લેતા સદર સંમતિ પત્ર રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ ઉપર કરવામાં આવેલ છે અને તેમાં સંમતિ આપનાર તરીકે વાદી તથા પ્રતિવાદી નં. ૨ ની અને સંમતિ લેનાર તરીકે પ્રતિવાદી નં. ૧ ની સહીઓ છે. તેમજ સદર નિ.૧૭/૭ વાળો સંમતિ પત્ર નોટરીશ્રી ચંદ્રકાંત સી. પટેલ નાઓ પાસે નોટરાઈઝડ કરવામાં આવેલ છે. આમ સદર સંમતિ પત્ર વંચાણે લેતા પણ વાદી તથા પ્રતિવાદી નં. ૨ નાઓએ તેઓની મરજીથી પ્રતિવાદી નં. ૧ ને દાવાવાળી જમીનમાં પ્રતિવાદી નં. ૧ ના નામે વીજ કનેકશન મેળવવા માટે સંમતિ આપેલ હોવાનું ફલીત થાય છે. વાદીના જણાવ્યા મુજબ સદર સંમતિપત્ર પણ પ્રતિવાદી નં. ૧ નાએ બોગસ ઉપજાવી કાઢેલ છે તો તે વાદીએ પુરવાર કરવાનું રહે છે અને તે પુરાવાનો વિષય છે. વધુમાં પ્રતિવાદી નં. ૧ નાએ દાવાવાળી જમીનના વીજ વપરાશ અંગે ભરવામાં આવેલ બીલો નિ.૧૭/૧૦ અને નિ.૧૭/૧૧ થી રજુ કરેલ છે જે જોતા પણ પ્રતિવાદી નં. ૧ સદર બીલો ભરતા આવેલ હોવાનું જણાય આવે છે. તેમજ પ્રતિવાદી નં. ૧ નાએ નિ.૧૭/૧૪ અને નિ.૧૭/૧૫ થી દાવાવાળી જમીનનું મહેસુલ ભરેલ હોવાની પાવતીઓ રજુ કરેલ છે જે જોતા પ્રતિવાદી નં. ૧ દાવાવાળી જમીનનું મહેસુલ ભરતા હોવાનું પણ જણાય આવે છે. વધુમાં વાદી મુજબ દાવાવાળી જમીનમાં તેમનો કબજો છે જયારે પ્રતિવાદી નં. ૧ સદર જમીનનો કબજો ભોગવટો તેમનો હોવાનું જણાવે છે. આ સંજોગોમાં જયારે દાવાવાળી જમીનના કબજા બાબતે હાલના તબકકે કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ના હોય ત્યારે પઝેશન ફોલોઝ ધી ટાઈટલ ના સિધ્ધાંત મુજબ દાવાવાળી જમીનનું ટાઈટલ પ્રતિવાદીઓના નામે ચાલી આવેલ હોય જેથી દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો કબજો હોવાનું માની શકાય છે.

આમ, વચગાળાની મનાઈ અરજીનો નિર્ણય કરતી વખતે હાલના તબકકે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવાના હોય છે. આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવા તથા તમામ રજુઆતો તથા સંજોગો ધ્યાને લેતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી. તેમજ સગવડતા અગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં નથી. તેમજ જો વાદીની તરફેણમાં મનાઈ આપવામાં આવે તો પ્રતિવાદી નં. ૧ ને નાણાંથી ભરપાઈ ના થઈ શકે તેવું નુકશાન થવા સંભવ છે. જેથી **મુદ્દા નં. ૧, ૨, ૩** નો નિર્ણય **નકારમાં** ઠરાવી **મુદ્દા નં. ૪** અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) વાદીની હાલની વચગાળાની મનાઈ અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે હાલ કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ તા.૦૧ મી, માહે–માર્ચ, સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૩/૨૦૨૧
સ્થળ : સેવાલીયા.

**(એફ.એફ.બારડોલીવાલા)**
પ્રિન્સીપાલ સિવિલ જજ,
ગળતેશ્વર એટ સેવાલીયા.
Code No. GJ01286